પ્રતિભા મહાન કાર્યોનો પ્રારંભ કરે છે પણ તેને પૂરાં તો પરિશ્રમ જ કરે છે
- સરદાર પટેલ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૮૩ | ૩ જૂન, ૨૦૧૪, મંગળવાર; જેઠ સુદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## NEWS બિટ્સ

**● હવે જગદીશ ઠક્કર પીએમઓના પીઆરઓ**

રાજ્યના મુખ્યમંત્રી



કાર્યાલયમાં છેલ્લા બે દાયકાથી ફરજ બજાવતા માહિતી વિભાગના વરિષ્ઠ અધિકારી જગદીશચંદ્ર ઠક્કર હવે પીએમઓના પીઆરઓ તરીકે નિમણુંક પામી રહ્યા છે. ૬૯ વર્ષિય જગદીશભાઈ અમરસિંહ ચૌધરી, શંકરસિંહ વાઘેલા, કેશુભાઈ પટેલ અને છેલ્લે નરેન્દ્ર મોદીના પીઆરઓ તરીકે પણ સફળતાપૂર્વક કામગીરી કરી હતી. હવે પ્રધાનમંત્રી કાર્યાલયમાં પ્રધાનમંત્રીના પ્રવચનના મુદ્દાઓ તથા પ્રેસનોટનું સંકલન-સંચાલન કરશે.

**● ઉદ્યોગપતિ ગૌતમ અદાણી ગૃહમંત્રીને મળ્યા**

જાણીતા ઉદ્યોગપતિ ગૌતમ



અદાણી આજે ગૃહમંત્રી રાજનાથસિંહ અને કેન્દ્રિય ગૃહ સચિવ અનિલ ગોસ્વામીને મળ્યા હતા. અદાણી ઉદ્યોગ ગૃહના કેટલાક એકમોની આંતરિક સલામતી સહિતના મુદ્દાઓ અંગે વિષદ ચર્ચાઓ થઈ હતી.

**● મલ્લિકાર્જુન ખરગે કોંગ્રેસના નેતા પદે**

કોંગ્રેસના વરિષ્ઠ સાંસદ મલ્લિકાર્જુન ખરગે હવે



લોકસભામાં કોંગ્રેસ પક્ષના નેતાપદે નિયુક્ત કરાયા છે. આ જાહેરાત પક્ષના મહામંત્રી જર્નાદન દ્વિવેદીએ કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે જો સરકાર કોંગ્રેસને માનનીય વિરોધ પક્ષનો દરજ્જો આપશે તો મલ્લિકાર્જુન વિરોધ પક્ષના નેતા પદે વરણી પામશે.

**● અશોક ચવ્હાણનુ સંસદ સભ્યપદ ડામાડોળ**

મહારાષ્ટ્રના ભૂતપુર્વ મુખ્ય પ્રધાન અશોક ચવ્હાણે પેઈડ ન્યુઝ એટલે કે પૈસા આપીને પોતાના તરફી સમાચાર છપાવ્યા હોવાનો તેમના



પર આરોપ થયો હતો. આ આરોપમાં તથ્ય હોવાનું ચૂંટણી પંચને લાગી રહ્યું છે અને જો આ આરોપ પુરવાર થાય તો અશોક ચવ્હાણે પોતાનુ સાંસદપદ ગુમાવવુ પડે તેવી સ્થિતિ સર્જાઈ શકે છે. એવું થાય તો કોંગ્રેસનો એક સંસદસભ્ય ઓછો થાય છે જે કોંગ્રેસ માટે વધુ એક ફટકો સાબિત થશે.

# આકરી ગરમી બાદ ગાંધીનગરમાં આંધી





## આખો દિવસ આકરો તડકો પડયા બાદ બપોર બાદ શહેરમાં વંટોળ ફુંકાયો : ધુળની ડમરીઓ ઉડતા વાહનચાલકોને ભારે તકલીફ

ગાંધીનગર, તા. ૨

બે દિવસ ગરમીમાં સહેજ રાહત રહ્યા બાદ સોમવારે ફરીથી આકરી ગરમીનો અનુભવ શહેરીજનોએ કર્યો હતો. જો કે બપોર બાદ વાતાવરણમાં અચાનક પલ્ટો આવ્યો હતો અને ભારે પવન ફુંકાતા વંટોળ જેવું વાતાવરણ સર્જાયું હતું.

સોમવારે સવારથી જ આકરી ગરમી પડશે તેવું લાગી રહ્યું હતું. સવારે ૧૦ વાગે તો ચામડીને દઝાડી દે તેવો તીખો તડકો પડવો શરુ થઈ ગયો હતો. બપોરે તો આ ગરમી એટલી બધી વધી ગઈ હતી કે ઘરમાં પણ લુનો અનુભવ થતો હતો. ખુબ ગરમી પડતા માર્ગો પર વાહનોની અવરજવર સાવ ઓછી થઈ ગઈ હતી. માર્ગો અને બજારો પર તીવ્ર ગરમીની અસર જોવા મળતી હતી. માર્ગો અને બજારો સુમસામ લાગતા હતા. એક તબક્કે મહત્તમ તાપમાન ૪૩.૫ ડિ.સે. સુધી પહોંચી ગયું હતું. જો કે બપોર બાદ વાતાવરણમાં પલ્ટો આવવાનો પ્રારંભ થયો હતો. પૂર્વ દિશામાંથી તીવ્ર ગતિએ પવન ફુંકાવવાનો શરૂ થયો હતો. પવનની સાથે જ કેટલાક વાદળો પણ આકાશમાં ઘેરાઈ આવ્યા હતા. તીવ્ર પવને થોડીક જ વારમાં વંટોળનું સ્વરૂપ લઈ લીધું હતું. ખુલ્લા મેદાનોમાં વંટોળ ફરતા ધુળની ડમરીઓ ઉડી હતી. થોડીક વાર માટે તો આકાશ ધૂળની ડમરીઓથી ભરાઈ ગયું હતું. ઘરમાં પણ ધુળ ભરાઈ ગઈ હતી. જો કે પવન ફુંકાતા અને વાદળો ઘેરાતા ગરમીમાં સહેજ રાહત થઈ હતી. જો કે વરસાદ ન પડતા બફારો યથાવત રહ્યો હતો.

## આજે અને આવતીકાલે તીવ્ર ગરમીની આગાહી

જુન માસના પ્રારંભે જ આકરી ગરમી અને તીવ્ર બફારાનો સામનો પાટનગરવાસીઓ કરી રહ્યા છે. આજે મહત્તમ તાપમાન ૪૩.૫ ડિ.સે. રહ્યુ હતુ. જ્યારે લઘુત્તમ તાપમાન પણ ૨૯.૮ ડિ.સે. જેટલુ રહેતા વસાહતીઓએ ભારે ગરમીનો અનુભવ કર્યો હતો. વળી ગરમીની સાથે જ ભેજનું પ્રમાણ ઉંચુ રહેતા લોકો પરસેવે રેબઝેબ બન્યા હતા. હજુ બે દિવસ ભારે ગરમીની આગાહી કરવામાં આવી છે. મંગળવારે અને બુધવારે તાપમાન ૪૫ ડિગ્રી સુધી પહોંચી જાય તેવી સંભાવના છે.

## રાજ્યના કેટલાક વિસ્તારોમાં વાવાઝોડા સાથે કમોસમી વરસાદ

ગાંધીનગર, તા. ૨

રાજ્યમાં પડી રહેલી કાળઝાળ ગરમી બાદ આજે હવામાનમાં પલટો આવતા કેટલાક વિસ્તારોમાં વાવાઝોડા સાથે કમોસમી વરસાદ થવા પામ્યો છે.

રાજ્યમાં છેલ્લા ત્રણ ચાર દિવસથી ગરમીનો પારો ઉંચે જતા કાળઝાળ ગરમી પડી રહી છે. ઉકળાટ સાથે પડી રહેલી કાળઝાળ ગરમીથી લોકો ત્રાહીમામ પોકારી ગયા છે. છેલ્લા બે દિવસ દરમ્યાન અંગ દઝાડતી ગરમી પડી રહી છે.

ભર ઉનાળે આ વખતે ગરમીના પ્રકોપમાં આજે રાજ્યના હવામાનમાં પલટો આવવા પામ્યો હતો. રાજ્યના કેટલાક વિસ્તારોમાં

● અનુસંધાન પાન-૭ પર

## ગાંધીનગર જિલ્લાની ગ્રામ સભાઓમાં સનદી અધિકારીઓની ઓચિંતી મુલાકાત

### ગ્રામસભાઓમાં સીએમઓના અધિકારીઓ પહોંચ્યા; ડી.ડી.ઓ. માણસા અને કલેક્ટર દહેગામ પહોંચ્યા : ગ્રામીણ મતદારો પરની પક્કડને મજબુત બનાવવા મુખ્યમંત્રીએ કૃષિ મહોત્સવ અને ગ્રામસભા અભિયાનને અવસર ગણ્યો છે

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લામાં ચાલી રહેલા ગ્રામસભા અભિયાનની વિગતો અને જાણકારી મેળવવા માટે આજે મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલની કચેરીના અધિકારીઓ દહેગામ પહોંચ્યા હતા.

મળતી વિગતો પ્રમાણે દહેગામ તાલુકાના હાથીજણ, હરખજીના મુવાડા તથા બાવરા ગામની ગ્રામસભામાં આ અધિકારીઓએ હાજરી આપી અને ત્યાંના ગ્રામજનોને રૂબરૂ મળી ગ્રામસભાની રજુઆતો તેમજ સમસ્યાઓની નાનામાં નાની વિગતો એકત્ર કરી હતી.

તો બીજી તરફ જિલ્લા વિકાસ અધિકારીશ્રી વિક્ટર મેકવાન પણ આજે માણસા તાલુકાના આજોલ ગામની ગ્રામસભામાં હાજરી આપવા માટે ગયા હતા. આ ગ્રામસભામાં પાણીનો પ્રશ્ન તેમજ બીજા એક-બે નાના મોટા મુદ્દાઓને લઈ તેમની સમક્ષ રજુઆત થઈ હતી.

જિલ્લા કલેક્ટર ડૉ. સ્વરૂપ પણ આજે ગ્રામસભામાં હાજરી આપવા માટે દહેગામ તાલુકાના સાણોદર ગામમાં પહોંચ્યા હતા. જ્યાં પણ બે થી ત્રણ જેટલા પ્રશ્નો રજુ થયા હતા અને કલેક્ટરશ્રીએ તાત્કાલિક નિકાલની સૂચનાઓ મામલતદાર દહેગામને આપી હોવાનું જાણવા મળેલ છે.

કલોલ તાલુકાના પ્રતાપપુરા ગામે આજે યોજાયેલ ગ્રામસભામાં

● અનુસંધાન પાન-૭ પર

## જીપીએસસીના ચેરમેનપદે હસમુખભાઈ જોષી

ગુજરાત જાહેર સેવા આયોગ-જી.પી.એસ.સી.ના અધ્યક્ષ તરીકે ગૌણ સેવા પસંદગી મંડળના સભ્ય શ્રી હસમુખલાલ સુખદેવ જોશીની નિમણુંક કરવામાં આવી છે.

**અભિનંદન**



**ડૉ. મિહિર ભરતભાઈ પંડ્યા**
(એમ. ડી. એસ.)

આપની કારકિર્દીમાં વધુ એક યશકલગી ઉમેરાતાં અમે આનંદ અને ગૌરવ અનુભવીએ છીએ... કોરીયા યુનિવર્સિટી મુંબઈ ખાતે ઈમ્પ્લાન્ટોલોજી ડીગ્રી કોર્ષ સફળતાપૂર્વક સંપન્ન કરી ગૌરવ વધારવા બદલ અભિનંદન પાઠવીએ છીએ... આપની કારકિર્દી વધુ ને વધુ ઉજ્જવળ બને એવી શુભેચ્છા પાઠવીએ છીએ...

**શ્રદ્ધાદીપ પરિવાર**

## મુખ્યમંત્રીના અગ્ર સચિવ તરીકે જી.સી. મુર્મુની નિમણુંક કરાઈ

### વિજય નહેરાની મુખ્યમંત્રીના સચિવ તરીકે નિમણુંક

ગાંધીનગર, તા. ૨

મુખ્યમંત્રીના અગ્ર સચિવ તરીકે જી.સી. મુર્મુની નિમણુંક કરવામાં આવી છે.

નરેન્દ્ર મોદીના શાસનમાં ૧૯૮૫ની બેચના સનદી અધિકારી જી.સી. મુર્મુને નરેન્દ્ર મોદીના અગ્ર સચિવ તરીકે નિમણુંક આપવામાં આવી હતી. થોડા દિવસ અગાઉ કેન્દ્રમાં ભાજપ સરકાર રચાતા મુખ્યમંત્રી પદેથી નરેન્દ્ર મોદીએ રાજીનામુ આપતા તેમના ઉત્તરાધિકારી તરીકે શ્રીમતિ આનંદીબેન પટેલને મુખ્યમંત્રી બનાવવામાં આવ્યા છે.

મુખ્યમંત્રી તરીકે શ્રીમતિ આનંદીબેન પટેલે પદભાર સંભાળ્યા બાદ પોતાના મુખ્યમંત્રી કાર્યાલયમાં સ્ટાફની ફેરબદલ કરીને સેટઅપ ગોઠવવાની કવાયત હાથ ધરવામાં આવી છે.

જેના ભાગરૂપે આજે મુખ્યમંત્રી કાર્યાલયમાં મુખ્યમંત્રીના અગ્ર સચિવ તરીકે જી.સી. મુર્મુની નિમણુંક કરીને તેમને યથાવત ચાલુ રાખવામાં આવ્યા છે.

જ્યારે એ.કે. શર્મા દિલ્હી વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે જતાં ગુજરાતમાં મુખ્યમંત્રીના સચિવ તરીકે સનદી અધિકારી વિજય નહેરાની નિમણુંક કરવામાં આવી છે.

આ ઉપરાંત ગીર સોમનાથના કલેક્ટર તરીકે ફરજ બજાવતા રાજેશ મંજુરની બદલી કરીને તેમને નાણા વિભાગના સંયુક્ત સચિવ (બજેટ) તરીકે નિમણુંક કરવામાં આવી છે.

**૮૬મી જન્મજયંતિએ હાર્દિક સ્મરણાંજલિ**



**સ્વ. મુખ્યમંત્રી શ્રી ચીમનભાઈ પટેલ**

**પ્રાર્થના સભા**
તારીખ : ૦૩-૦૬-૨૦૧૪, મંગળવાર
સમય : સવારે ૮-૩૦ થી ૯-૩૦ કલાકે
સ્થળ : નર્મદાઘાટ, ગાંધીનગર

■ સરદાર વલ્લભભાઈ સહકારી બેંક પરિવાર
■ સરદાર વલ્લભભાઈ એજ્યુકેશન ટ્રસ્ટ
■ સરદાર સેના ટ્રસ્ટ ■ ગુજરાત કેળવણી ટ્રસ્ટ

